2. जिला थाने:– काम्पीटेन्ट आथोरिटी और डिप्टी कलेक्टर (लेण्ड इक्यूजीशन आफिसर), वेस्टर्न फ्रेट कोरीडोर, सूर्या प्रकल्प, ईशनी रोड, ओपीपी, आईडीबीआई बैंक,

3. जिला वलसाद:– काम्पीटेन्ट आथोरिटी और डिप्टी कलेक्टर (लेण्ड इक्यूजीशन आफिसर), सेकण्ड फ्लोर, जिला सेवा सदन–2, कलेक्टर ऑफिस, वलसाद

4. जिला नवसारी:– डिप्टी कलेक्टर और काम्पीटेन्ट आथोरिटी, फर्स्ट फ्लोर, "सी" ब्लॉक, मल्टीस्टोरीड बिल्डिंग, जनाथना, नवसारी

5. जिला सूरत:– काम्पीटेन्ट आथोरिटी और स्पेशल लेण्ड इक्यूजीसन ऑफिसर, ब्रान्च नं0.4, पाचवीं मंजिल "ए" ब्लॉक, बहुमाली भवन, सूरत

6. जिला बहुरच:– :– काम्पीटेन्ट आथोरिटी और स्पेशल लेण्ड इक्यूजीसन ऑफिसर, लेण्ड इक्यूजीसन ब्रान्च, कलेक्टर ऑफिस, बहुरच

7. जिला वडोदरा:– स्पेशल लेण्ड इक्यूजीसन ऑफिसर यूनिट नं0.1, रूम नं0–615, छठी मंजिल, कुबेर भवन, कोठी कम्पाउन्ड, वडोदरा

8. जिला रेवाड़ी:– डिस्ट्रीक्ट रेवन्यू ऑफिसर(डी आर ओ), डी सी ऑफिस, मिनी सेक्टेरियट, रेवाड़ी

9.जिला अलवर:– सब–डिवीजनल मजिस्ट्रेट (सीडीएम)/एसडीओ, एसडीएम/तिजारा, तहसील तिजारा, अलवर

10. जिला मेवात:– डिसट्रिक्ट रेवन्यू ऑफिसर(डीआरओ),डीसी ऑफिस, डिसट्रिक्ट सेकेटरियट, नूह, मेवात

11. जिला गुडगॉव:– डिसट्रिक्ट रेवन्यू ऑफिसर(डीआरओ), मिनी सेकेटरियट,गुडगॉव

12.जिला पलवल:– सब डिवीजनल मजिस्ट्रेट (एसडीएम),एसडीएम ऑफिस, पलवल

13. जिला फरीदाबाद:– डिस्ट्रीक्ट रेवन्यू ऑफिसर (डीआरओ),मिनी सेकेटरियट, सेक्टर–12,फरीदाबाद

14. जिला गौतमबुद्ध नगर:– सब डिवीजनल मजिस्ट्रेट, एसडीएम (सदर,) डीएम ऑफिस, गौतमबुद्ध नगर

सेमू, डीएफसीसीआईएल हेड ऑफिस:– प्रगति मैदान, मेट्रो स्टेशन बिल्डिंग, न्यू दिल्ली– 110001

[Gujarati]



MOR/DFCCIL

રેલ્વે મંત્રાલય / ડેડીકેટેટ ફ્રેઈટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

સમર્પિત માલવાહક પરિયોજના Phase 2ની
પુનર્વાસ તેમજ પુનર્સ્થાપન નીતિ અને વિધાન (RRP)

વડોદરાથી મુંબઈ (JNPT)
અને
રેવાડીથી દાદરા

સુચિત

નવેમ્બર - ૨૦૧૧

પરિયોજના પર એક નજર

રેલ્વે મંત્રાલય, દિલ્હી અને મુંબઈ મહાનગર સુધી તેમજ આસ-પાસના સ્થાળો પરથી ઓછા સમયમાં માલ-સામાનનો અવરોધ રહિત (ઝડપી) સરળ અને ઓછા ખર્ચે પરીવહન થઇ શકે તે હેતુથી કોંપ્યુટર સંચાલિત બહુઆયામી ઉચ્ચ એક્સલ લોડ વાહન ક્ષમતા ધરાવતી સમર્પિત માલવાહક પરિયોજના (DFC) નું આયોજન તેમજ અમલીકરણ કરી રહ્યો છે.આ પરીયોજના ને વર્ષ ૨૦૧૩ -૨૦૧૪ માં ૩૭.૭ મિલિયન ટન માલ પરિવહન માટે ડિઝાઈન તૈયાર કરવામાં આવેલ છે, જે ૨૦૩૩-૨૦૩૪ સુધીમાં ૧૪૦.૪ મિલિયન ટન થઈ જશે. પરિયોજના અત્યારે આયોજન ના તબક્કે છે, તેની શરુઆત ૨૦૦૬ માં કરવામાં આવી હતી. અને વર્ષ ૨૦૧૨માં પૂર્ણ થશે. પરિયોજનાનુ નિર્માણ કાર્ય ૪ થી ૫ વર્ષ માં (વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ વચ્ચે) પૂર્ણ થશે. વર્ષ ૨૦૧૬ ના ડિસેમ્બરથી યોજના નુ વ્યાપારિક ધોરણે કાર્યાન્વયન પ્રારંભ થશે.

સામાન્ય વિશેષતાઓ :-

* કોરિડોરની લંબાઈ :- ૫૬૫ કિ.મી.
* અનુભાગની લંબાઈ :– વડોદરાથી મુંબઈ: અંદાજે ૪૨૦ કિ.મી. રેવાડીથી દાદરી: અંદાજે ૧૪૫ કિ.મી.
* જન્કશન સ્ટેશન- :- ૬: ક્રોસીંગ સ્ટેશન:-૧૧, મોટા મહત્વના પૂલો :-૧૬૫
* પ્રસારિત રેલ માર્ગ :- ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર, ઉત્તર-પ્રદેશ અને દિલ્હી.
* અસરગ્રસ્ત જિલ્લા :- ૧૪
* અસરગ્રસ્ત ગામો :- ૩૭૪ (હંગામી)
* પહોળાઈ :- સમાન્તર અનુભાગમાં લગભગ ૩૫ મીટર અને બાઈપાસ વિભાગ માં ૬૦ મીટર
* અધિક્તમ ગતિ મર્યાદા :- ૧૦૦ કિમીટર/પ્રતિ ક્લાક

પરિયોજનાથી થનાર લાભ :-

ડી.એફ.સી. પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના વર્તમાન વિકાસ દરને ને ઝડપી બનાવવાનો અને પર્યાવરણમાં સુધારો લાવવાનો છે.
* ભારતમાં માલ-સામાન પરિવહન પ્રમાણલીમાં સુધારો કરી દેશની આર્થિક ઉન્નત્તિમાં વધારો કરવો.
* ડી.એફ.સી. સમાન્તર ઔદ્યોગિક વિકાસ ના વધારાથી આર્થિક ઉન્નતિ અને રોજગારની નવી તકો ઊભી થશે.
*કૃષિ ઉત્પાદનોના પરિવહન પ્રાણાલીમાં ગતિ સમ્બધિત સુધારો કરી ક્ષેત્રના ખેડૂતો તેમ જ વન્ય ઉત્પાદનો તેમજ મત્સ્ય પાલનનાં બજારમાં વિસ્તાર તેમજ સુધારો કરી આર્થિક ઉન્નત્તિમાં વધારો કરવો.
* ટ્રકો દ્વારા પરિવહન કરતા નાના વાહનોના પ્રમાણમાં ઓછી ઊર્જા.
* ડી.એફ.સી. માર્ગથી બાજુ સ્થિત સ્થાનિક રહેવાસીઓ ને કોઈપણ પ્રકારે વાયુ પ્રદૂષણ થશે નહી. (આ માર્ગ ની સાથે-સાથે ટ્રકો દ્વારા ઉત્પન્ન થતા પ્રદૂષણથી બચાવ).

ડી.એફ.સી. પરિયોજના માટે જમીન સંપાદનનું Phase 2 સ્વરૂપ :-

ડી.એફ.સી. માર્ગ વડોદરા, સુરત, વસઈ, જ.ને . પો. ટ્ર. અને રેવાડી થી દાદરી પસાર થાય છે. પરિયોજનાના અમલીકરણ, વ્યવસ્થા અને સંચાલન માટે પક્કી સ્વરુપનું જમીન સંપાદન તેમજ પુનર્વાસ જેવા મહત્વનાં પરિબળોની આવશ્યક્તા પડશે. સ્થાનીય મકાનોની તોડ-ફોડ, શહેરી સ્થાનીય સમુદાય, જીવઅભ્યારણ, શહેરી યોજનાક્ષેત્ર, માર્બલ ઉદ્યોગ, આબાદી ક્ષેત્રો, ખાણો વગેરેની તોડ-ફોડ ને બચાવવા તેમજ ન્યૂનત્તમ જમીન સંપાદન થાય તે હેતુ બાઈપાસ આપવામા આવ્યો છે. હરિયાણા તેમજ રાજસ્થાનમાં આ માર્ગ વર્તમાન રેલ્વેમાર્ગ ની સમાન્તર તેમજ પૂર્વ દિશામાં છે, જ્યારે સુરત,દહાણુ,વસઈ કુંડ બહાર અને રેવાડી-દાદરીમાં આ માર્ગ વર્તમાન રેલ્વે લાઈનની પૂર્વ દિશામાં બાઈપાસ માર્ગ છે. તેમ છતા પણ બન્ને અનુભાગો સમાંતર અને બાઈ પાસ વિભાગમાં જમીન સંપાદન કરવાની આવશ્યક્તા પડશે.

અમલીકરણ સંસ્થા (EA):

ડેડીકેટેટ ફ્રેઈટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (DFCCIL)

પરિયોજનાની જમીન સંપાદન અને પુનર્વાસ તેમજ પુનર્સ્થાપનની આધારભૂત નીતિ અને વિધાનઃ-

*** રેલ્વે એમેંડમેંટ એક્ટ, ૨૦૦૮(આર. આર. એ. ૨૦૦૮)**
આ અધિનિયમ થી ડી.એફ.સી. પરિયોજના(વિશેષ રેલ પરિયોજના જાહેર) માટે જમીન સંપાદન કરવામાં આવી રહ્યુ છે. આ અધિનિયમમાં જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ લાગુ પડતો નથી.

*** રાષ્ટ્રીય પુનર્વાસ અને પુનર્સ્થાપન નિતિ,૨૦૦૭**
ડી.એફસી. પરિયોજના માટે જમીનનું ઓછી પહોળાઈ અને લાંબી પટ્ટીઓમાં સંપાદન કરવામાં આવનાર છે. ડી.એફ.સી. પરિયોજનાની રેલ પરિયોજના માટે એન.આર.આર.પી. ૨૦૦૭ નાં ખંડ ૭.૧૯ માં ઉલ્લેખિત અનુરેખીય જમીન સંપાદન નિયમ મૂલતઃ લાગુ પડે છે.

*** સક્ષમ અધિકારી**
સક્ષમ પ્રાધિકારી એવી વ્યક્તિ નિયુક્ત છે, કે જેને કેન્દ્રિય સરકાર દ્વારા એ ક્ષેત્રનાં સંદર્ભમાં સક્ષમ પ્રાધિકારીનાં કાર્યોનું પાલન કરવા માટે પ્રાધિકૃત કરવામાં આવ્યા છે. જેના નામ જાહેર નામામાં વિનિર્દિષ્ટ કરવામાં આવશે.

રેલ્વે એમેંડમેંટ એક્ટ, ૨૦૦૮ અનુસાર હિતબધ્ધ વ્યક્તિ
૧. આ નિયમના અધિન જમીન આપવાના સંબધમાં આપવામાં આવેલ પ્રતિકારમાં કોઈ હિત યા દાવો કરવાવાળી વ્યક્તિઓ.
૨. દરેક જન જાતિઓ અને પરંપરાગત વન નિવાસી, જેઓને અનુસુચિત જન જાતિ અને અન્ય પરંપરાગત વન નિવાસી (વન અધિકરોની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ અધિન માન્યતા પ્રાપ્ત કોઈ પરંપરાગત અધિકાર ગુમાવી ચુક્યા હોય.
૩. રાહત લેવામાટે ઈચ્છુક એ વ્યક્તિ કે જે જમીન સંપાદિત થવાથી પ્રભાવિત થાય છે.
૪. રાજ્યના કાયદાઓ અધિન ગણોત અધિકાર રાખવાવાળી વ્યક્તિ.

નિદેશિત તારીખઃ-
આર.આ.એ. ૨૦૦૮/ એન.આ.આર.પી. ૨૦૦૭ ના આધારિત યોગ્ય તારીખ.
હિતધરાવનાર કે જમીન અધિકાર ન ધરાવનાર વ્યક્તિઓ માટે પાત્રતાની એ તારીખ છે જ્યારે આર. એ.એ. ૨૦૦૮ નાં કલમ ૨૦Aનાં અર્ન્તગત જાહેરનામું પ્રસિદ્ધ થાય છે.

પુનર્વાસ અને પુનઃસ્થાપન નિતિ (RRP)

પુનર્વાસ અને પુનર્સ્થાપન નીતિ (**RRP**) એવા સિધ્ધાંતો પર આધરિત છે કે પરિયોજના પ્રભાવિત વ્યક્તિની (**PAPs**) સ્થિતિ, પરિયોજના પહેલાની સ્થિતિ કરતા સારી રહેશે.

નિતિ અનુસાર પુનર્વાસ અને પુનઃસ્થાપન યોજનાનાં ઉદ્દેશ્ય : -
* પરિયોજના પ્રભાવિત પરિવરોની સ્થિતિ પરિયોજનાને કારણે પહેલાની સ્થિતિ કરતા સારી રહેશે.
* ઓછુમાં ઓછુ વિસ્થાપન, વિસ્થાપન ન થાય તેમ જ ઓછામાંઓછુ વિસ્થાપન થાય તેવા વિકલ્પોની પસંદગી.
* પ્રભાવિત વ્યક્તિઓની સક્રિય ભાગીદારીની સાથે પુરતુ પુનર્વાશ પેકેજ સુનિશ્ચિત કરી તેમજ પુનર્વાસ પ્રક્રિયાનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવું.
* સમાજનાં નબળા વર્ગો/અસુરક્ષિત વર્ગો (વરનેરેબલ ગ્રુપ) વિશેષ રુપથી અનુસુચિત જાતિઓ, અનુસુચિત જન જાતિઓ તેમજ આશ્રિતો અને મહિલાઓ, વૃદ્ધો તેમજ અપંગો ના પુનર્વાસનું વિશેષ ધ્યાન રાખવું .
* પ્રભાવિત પરિવારો ને સુવ્યવિસ્થ જીવન ધોરણ ઉપલબ્ધ કરાવી, સતત આવક મળી રહે તેનું આયોજન કરવું.
* જમીન સંપાદન કરવા વાળા સંપાદન સંસ્થા તેમજ પ્રભાવિત પરિવારો વચ્ચે આપસી સહયોગ દ્વારા મૈત્રી પૂર્ણ સંબધ બની રહે.
***જમીનનો કબજો લેતા અને કોઇ પણ નિર્માણ કાર્ય શરૂ કરતા પહેલા વળતર તેમજ પુનઃ સ્થાપન રાશિની ચુકવણી સુનિશ્ચિત કરવી.**

<u>વળતરની નીતિ :-</u>
* જમીન સંપાદન કરવાની જવાબદારી રેલ મંત્રાલય દ્વારા નિયુક્ત સક્ષમ પ્રાધિકારીની રહેશે.
* જમીન આપનાર વ્યક્તિઓને વળતરની રકમ, આર.એ.એ. ૨૦૦૮ અનુસાર આપવામાં આવશે. બજાર કિમંત આર. એ. એ.૨૦૦૮ના અનુસાર નિર્ધારિત કરવામાં આવશે. જમીન સંપાદન કરવાની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને દરેક નિયત કિસ્સામાં જમીનની બજાર કિમંત કરતા તેની કિંમતના ૬૦(%) ટકા વધુ આપવામાં આવશે. ((સેક્સન૨૦F, (૯), આરએ.એ.,૨૦૦૮), આર.એ.એ.૨૦૦૮માં નિર્દેશીત જોગવાઈ પ્રમાણે.)

નહિતર સક્ષમ પ્રાધિકારી, એવા કિસ્સામાં જયાં રાજય સરકારે, કોઇ અધિનિયમ અથવા ગઝેટ નોટીફિકેસન અથવા રાજય સરકારના કોઇ અન્ય સત્તાધિકારી (જેમને આ બાબતે સત્તાધિકાર મળયો હોય) એ યોગ્ય પ્રક્રિયા દ્વારા ભુમિસંપાદન માટેની કિમત/દર નક્કી કર્યુ હોય, તો તે પણ, ભુમી સંપાદનનું વળતર નક્કી કરવા, આર. આર. એ. ૨૦૦૮ ની નિર્દેશિત જોગાવઇ નાં બદલે સ્વીકારી શકે છે.
* જમીનથી હિતબદ્ધ કોઈ વ્યક્તિ, જમીન સંપાદનના જાહેરનામાંની રાજપત્રમાં પ્રસિદ્ધીની તારિખ થી ત્રીસ દિવસની અંદર જમીન સંપાડન બાબતે વાંધો જાહેર કરી શકે છે. (સેક્સન ૨૦ **D**(૧), આર.એ.એ.,૨૦૦૮).
* ભવન અને અન્ય અચલ સંપત્તિ, વૃક્ષો, ઝાડ તેમજ તે જમીન પર ઊભા પાક જે સંપાદિત કરવામાં આવશે તેની બજાર કિમંત સુસંગત ક્ષેત્રમાં કોઈ વિશેષજ્ઞ દ્વારા નક્કી કરવામાં આવશે. (સેક્સન ૨૦ **G**, (૪,૫,૬),આર.એ.એ.,૨૦૦૮)
* જમીન સંપાદન ત્યારે પૂર્ણ સમજવામાં આવશે કે જ્યારે જમીનનું સંપાદન અધિકારપત્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી દ્વારા આપવામાં આવશે તેમજ વર્તમાન નિયમો મુજબ વળતર નક્કી કરવામાં આવશે.
* વળતરની રકમની ચુકવણી જમીન સંપાદન કર્યાના જાહેર નામાની પ્રસિદ્ધી પછી એક વર્ષમાં કરવામાં આવશે. અનિવાર્ય પરિસ્થિતિમાં આ મુદત ૭ મહિના સુધી વધારવામાં આવશે(**જો વધારેલ મુદ્દત માં એવાર્ડ બનાવવામાં આવે તો**). **હક્કધરાવનાર વ્યક્તિને,એવાર્ડમાં મોડુ થવાથી** વધારાની મુદતમાટે દરેક મહિને નક્કિ કરવામાં આવેલ વધારાના વળતરની ચુકવણી કરવામાં આવશે. (સેક્સન ૨૦ **F**(૧,૨,) આર.એ.એ.,૨૦૦૮)
* જો હિતબદ્ધ કોઈ વ્યક્તિ દ્વારા વળતરની રકમ પર અધિકાર મેળવવા માટે વળતર મેળવવાની સુચનાનાં એક વર્ષમાં દાવો નહિ કરવા આવે તો આ રકમ કાર્યાન્વયન સંસ્થાની પાસે અલગ ખતામાં પરિયોજના પુરી થાય ત્યાં સુધી રાખવામાં આવશે. **હિતબદ્ધ પક્ષ, સીધા અથવા તેમના કાનુની ઉત્તરાધિકારી દ્વારા, દસ્તાવેજોના સંતોષકારક તપાસ પછી., પોતાના વળતર ની રકમનો દાવોકરી શકે છે.**
* આ અધિનયમ દ્વારા જમીન સંપાદન પ્રક્રિયામાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ લાગુ પડતો નથી.
* અનુરેખીય જમીનનાં સમ્પાદન બાબતે જેમકે રેલેવે લાઈનમાં ફકત ઓછી પહોળાઈ વાળી પટ્ટીઓમાં **પરિયોજના માટે** જમીન સંપાદન કરવામાં આવે છે, પ્રભાવિત પરિવારો ના પ્રત્યેક ખાતેદારો ને એટલી રકમ આપવામાં આવશે કે જે સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવશે, આ નિર્ધારિત **રકમ ઓછામાં ઓછી** રૂપિયા ૨૦,૦૦૦થી ઓછી હશે નહિ. **વળતર ઉપરાંત અન્ય લાભો, જે જમીન, ઘર અથવા અન્ય સંપતિનું સંપાદન માટે લાગુ અધિનિયમ/નિતિ ને આધીન કેમ છે. તે મળવાપાત્ર છે. (RRP2007).** પરંતુ જો આવી જમીનનાં સંપાદનથી જમીનવાળા કિસાનો જમીન વગરના બની જાય છે અથવા નાના તેમજ સીમાન્ત ખેડૂતોની શ્રેણીમાં આવી જાય છે, તો તે પુનર્સ્થાપન સહાયતા ના રૂપમાં ૭૫૦ દિવસનુ કૃષિ વેતન મેળવવા પાત્ર છે.

<u>પરિયોજના માટે પુનર્વાસ અને પુનર્સ્થાપન માટેના મુખ્ય સિદ્ધાંતોઃ-</u>

* પરિયોજના પ્રભાવિત વ્યક્તિઓ/પરિવારો (**PAPs/PAFs**) ને હિતધરાવનાર વ્યક્તિઓ, હિત ન ધરાવનાર વ્યક્તિઓ ભાડુઆત, જમીનનો પ્લોટ વાપરનાર, બુથ(કાચા માલ સામાનથી બનાવેલ દુકાનો), ફેરિયા, વેપારીઓ વગેરેને વર્ગિકૃત કરવામાં આવશે.
*વિભિન્ન વર્ગોના (**PAPs/PAFs**)પરિયોજના પ્રભાવિત પરિવારોને "મૌલિક પાત્રતા" અનુસાર ક્ષતિપુર્તિ તેમજ સહાયતા આપવામાં આવશે.
* (**PAPs/PAFs**) પરિયોજના પ્રભાવિત પરિવારો જીવન-ધોરણમાં સુધારાઓ લાવવા માટે સહાયતા આપવામાં આવશે.
* મૌલિક પાત્રતા અનુસાર પરિયોજના પ્રભાવિત પરિવારોને પુનર્વાસ અને પુનર્સ્થાપન માટે અતિરિકત સહાયતા આપવામાં આવશે.
* પરિયોજના પ્રભાવિત પરિવારોની નુકશાન પામેલ સંપતિની ક્ષતિપૂર્તિ માટે પરિયોજના પ્રભાવિત વ્યક્તિઓ ને પુનઃ સ્થાપન માટે વળતર આપવામાં આવશે.
* નિર્દેશતિ તારીખ પછી જો કોઈ પરિયોજના ક્ષેત્રમાં આવેતો તે આ સહાયતા માટે હક્ક ને પાત્ર રહેશે નહિ.
* આ પરિયોજના ના પુનઃ સ્થાપન માટે અલગથી બજેટ હશે.
*લોકોની ભાગીદારી માટે ગામો/જિલ્લા સ્તર જમિન માલિકો સાથે લોક સંવાદ બેઠકો યોજવામાં આવશે.
* ફરિયાદો ના જલ્દી સમાધાન માટે ઉપયુક્ત ફરિયાદ નિવારણ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.
* જમિન માલિકો તેમજ પરિયોજના પ્રભાવિત પરિવારોની સાથે થયેલ વિચાર વિમર્ષોને દસ્તાવેજીત કરવામાં આવશે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે આ અર્થપૂર્ણ બાબતો પુનર્વાસ અને પુનર્સ્થાપન યોજના દરમિયાન જળવાય રહે.

ક્ષતિપૂર્તિ, સહાયતા અને પુનર્વાસ માટેની યોગ્યતાઃ-

-પાત્રતા માટેની નિર્દેશિત/અંતિમ તારીખ એ તારીખ છે કે જ્યારે પ્રભાવિત ક્ષેત્રમાં, કાયદાકીય માલિકો અને હિત નધરાવનાર માટે, આર.એ.એ. ૨૦૦૮ ની કલમ ૨૦**A** ને આધીન જાહેરનામા અનુસાર અધિસુચના જાહેર કરવામાં આવે છે.
-પરિયોજના પ્રભાવિતો નો વિવિધ શ્રેણીઓની પાત્રતા /યોગ્યતા નીચે દર્શાવેલ અનુવર્તિત સેક્શન માં બતાવવા માં આવેલ "મૌલિક પાત્રતા"(**entitlement Matrix)** અનુસાર કરવામાં આવશે.
- **પાત્રતા /યોગ્યતા** માટેનું એકમ પરિવાર હશે.
-પ્રભાવિત પરિવાર વળતરની સાથે સાથે ક્ષતિ પૂર્તિ માટે પણ સહાય પાત્ર છે.
-એવા પરિવારો કે જેઓના દ્વારા ઉપયોગમાં લેનાર ભૂમિ પર હક્ક નથી ધરાવતા તેવા પરિવારો વળતર માટે હક્કદાર નથી. પરંતુ જો **અતિક્રમણ**/દબાણ કરનારાઓ(**મૌલિક પાત્રતા ની નોટ F ની વ્યાખ્યા અનુસાર**) ને ત્રણ માસ આગોતરી નોટીસ આપવામાં ન આવી હોય તો તેઓને મકાનો **અથવા** પાક

અથવા સંપતિઓની સ્થાપનાની કિમંત અનુસાર વળતર મળશે. પુનર્વાસ અને પુનર્સ્થાપન નિતી અનુસાર મૌલિક હકકપાત્રતા મુજબ પ્રભાવિત વ્યક્તિઓ વિવરણ અંક મુજબ સહાયતાને પાત્ર છે.

-જો કોઈ પરિવાર યોજના ક્ષેત્રમા પ્રભાવિત પરિવારોની ગણના મુજબ જો કોઈ પરિવારની ગણના કરવામાં આવી નહોય તો, **અનેતેની પાસે પ્રભાવિત ક્ષેત્રમાં તેની ઉપસ્થિતિ, અંતિમ તારિખ પહેલા હોવાના પુરાવાઓ હોય તો ફરિયાદ નિવારણ સમિતિ દ્વારા વિધિવત સત્યાપન પછી, તેને PAP/PAF નો સુચિતાં સામેલ કરાશે.** તે પુરવાઓ સહિત અંતિમ તારીખ પહેલા ફરિયાદ નિવારણ સમિતિ દ્વારા ખરાઈ કરીને તેને પ્રભાવિત પરિવારોની ગણનામાં સામેલ કરવામાં આવશે.

-પ્રભાવિત વ્યક્તિઓ તોડવામાં આવેલ માળખા ના કાટમાળ ને કોઈ બાધા વગર પરિયોજના ને વિલંબિત કર્યા વગર લઈ જઈ શકે છે.

-જો કોઈ વ્યક્તિ અથવા પરિવારને અંતિમ તારીખ પહેલા નોટિસ આપવામાં આવેલ છે અને જો તે કોર્ટ કેસ. **ચાલુ હોય** તો આવી સ્થિતિમાં ન્યાયાલય દ્વારા કાયદાકીય સ્થિતી નિર્ધારિત કર્યા અનુસાર કરવામાં આવશે તેમજ **RRP**ના પ્રાવધાનો અનુસાર **PAP/PAF ની યોગ્યતા માટે કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદા કોય સ્થિત ગણમાન્ય કરાશે.** પરિયોજના પ્રભાવિત વ્યક્તિ અથવા પરિવાર ને વળતર તેમજ સહાયતા ને પાત્ર ગણાશે.

નં	પ્રકાર	પ્રભાવિત વ્યક્તિઓની વ્યાખ્યા	યોગ્યતા	વિવરણ /માહિતિ
ક). પ્રાઈવેટ ખેતી લાયક ભૂમિ, રહેણાંકની ભૂમી અને ધંધા માટેની ભૂમિને થતી નુકશાની				
૧	પરિયોજનાના રસ્તામાં આવનાર ભૂમિ	કાદાકીય અને પરંપરાગત જમાન હકો ધરાવનાર તેમજ માલિકો ધરાવનાર પ્રભાવિત વ્યક્તિઓ	૧ નવિની કરણ કરવામાટે થયેલ ખર્ચ માટે વળતર ૨. પુનર્વાસ અને પુનર્સ્થાપના	૧. એવી જમીન માટે બજાર કિમંત પર રોકડમાં વળતર જે નોટ (ક) (આર.એ.એ. ૨૦૦૮ ની ધારા ૨૦જી) મુજબ નિર્ધારિત કરવામાં આવશે. બજાર કિમંત **આપવામાં આવશે.** ૨. ઉપરોક્ત (૧) આર.એ.એ. ૨૦૦૮ ની ધારા ૨૦ એફ (૯) માં નિર્ધારિત વળતર પર ૬૦ ટકા સોલિશિયમ. ૩. આર.એ.એ. ૨૦૦૮માં નિર્દેશીત જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સક્ષમ અધિકારી દ્વારા જમીનના વળતર સંબંધી રાજ્ય સરકારના જાહેરનામાં દ્વારા પ્રસિદ્ધ જોગવાઈ પ્રમાણે યોગ્ય પ્રક્રિયા દ્વારા નક્કી કરવામાં આવેલ વળતરની રકમને ઉપરોક્ત ૧ અને ૨ માટે સ્વીકારવામાં આવશે. ૪. વધારાનું વળતર, રકમ ૨૦,૦૦૦/-રૂપિયા ૧૫૦૦ ચો.મી. સુધી ના સંપદન માટે અને ૧૫૮૦ ચો.મી. થી ઉપર વધુ સંપદન માટે પેરા ૭.૧૯ RRP2007 , અનુસાર રૂપિયા ૧૫ પ્રતિ ચો.મી. ના દર થી સંપાદનની ચુકવણી થશે. ૫. જમીન સંપાદન થી જો જમીનવાળા ખેડૂત જમીન વગરના બનીજાય છે અથવા નાના તેમજ સીમાન્ત ખેડૂત ની શ્રેણીમા આવી જાય છે, તો તે પુનર્સ્થાપન સહાયતાના રૂપમાં ૭૫૮ દિવસ નો કૃષિ વેતન મળવા ને પાત્ર છે. ૬. સંદેહ/વિવાદના કિસ્સા માં સક્ષમ પ્રાધિકારીના વળતર નક્કી કર્યા પહેલા કોઈ સ્વતંત્ર મુલ્યાંકનકર્તાની મદદ લઈ શકે છે. આ સંદર્ભમા સંબધિત વિસ્તુત પ્રક્રિયા નોટ બી માં દર્શાવેલ છે. ૭. સંપાદિત/ બાકીરહેલ ભૂમિ માટે ની વળતરની નીતિ નોટ સી અનુસાર કરવામાં આવશે. ૮. સ્થાપન ભૂમિ માટે કરવામાં આવનાર દસ્તાવેજો નુ રજીસ્ટ્રેશન ખર્ચ તેમજ સ્ટેમ્પ ડ્યુટિ પરિયોજના દ્વારા પાછી(રિફન્ડ) આપવામાં આવશે. આર.એ.એ.૨૦૦૮ ની ધારા ૨૦ (એચ) મુજબ પુનઃવાસ માટેની ભૂમિ પ્રભાવિત પરિવારોને આપવામાં આવેલ વળતરના એક વર્ષ માં ખરીદવામાં આવશે.
૨		નોંધાયેલ ભાડુઆત, કોન્ટ્રાક્ટરો તેમજ ભાડાપટ્ટા ધારકો	બજાર કિમંત થી ખેતર માં ઊભા પાક ના નુકશાન નું વળતર	માન્યતા પ્રાપ્ત ભાડુઆત, કોન્ટ્રાકર તેમજ પટ્ટા ધારકો ભૂમિના વળતર માટે યોગ્ય વ્યક્તિઓ નથી. તેઓને વળતર માટે ત્યારે યોગ્ય ગણવામાં આવશે, કે જ્યારે ઊભા પાક માટે (કાર્યન્વમન સંસ્થા)ઈએ દ્વારા ૩ મહિના પહેલા નોટિસ આપેલ ન હોય.
૩		માન્યતા પ્રાપ્ત નથી તેવા ભાડુઆત, કેન્ટ્રાક દ્વારા ખેતી કરનાર ખેડૂતો, પટ્ટા ધારકો. સેયર કોપર્શ	બજારકિમંત થી ખેતર માં ઊભા પાક ના નુકશાન નું વળતર	માન્યતા પ્રાપ્ત નથી તેવા ભાડુઆત, કોન્ટ્રાક્ટર દ્વારા ખેતી કરનારખેડૂતો, પટ્ટા ધારકો, ખેત ભાગીદાર જમીન વળતર માટે હક્કદાર નથી, તે ખેતરમાં ઊભા પાક ના વળતર માટે ત્યારેજ હક્કદાર છે જ્યારે તેઓને ઈએ દ્વારા ૩ મહિની નોટિસ આપવામાં આવી ન હોય. પાક ભાગીદાર (સેયર કોપર્શ) ના મામલામાં પાકની વળતર માટે જમીનના માલિકો અને પાક ભાગીદાર વચ્ચે સમજુતિ થયાના પ્રમાણમાં રહેશે.
(ખ) પ્રાઈવેટ ઢાંચાઓની નુકશાની (રહેણાંક /**વ્યવસાય માટે**)				
૪	પરિયોજના ના રસ્તામાં આવનાર માળખાંઓ	માલિકી ધરાવનાર	નવિની કરણ કરવા માટે થયેલ ખર્ચ માટે વળતર તેમજ પુનર્વાસ અને પુનર્થાપનાની સહાયતા.	૧. સ્ટ્રાચર(માળખા)ના વિસ્થાપન પર થયેલ ખર્ચનું વળતર, જે નોટ-ડી અનુસાર નક્કિ કરવામાં આવે તે. ૨. તોડવામા આવેલ માળખા માના કાટમાળ /સામગ્રીનો અધિકાર. ૩. મકાનો/ઢાંચાઓને ખાલી કરાવવા માટે ત્રણ મહિનાની નોટિસ ૪. ઉપર મુજબ નિર્ધારિત કરવામાં આવેલ બજાર કિમંતના દર પર નવા વૈકલ્પિક મકાનો/દુકાનો ની ખરીદીપર માટે સ્ટેમ્પ ડ્યુટિ અને દસ્તાવેજો માટે થયેલા ખર્ચ નો રિફન્ડ. વૈકલ્પિક મકાનો/દુકાનો આર. એ.એ.૨૦૦૮ ની ધારા ૨૦ (એચ) મુજબ પ્રભાવિત પરિવારોને આપવામાં આવેલ વળતરના એક વર્ષ માં ખરીદવાના રહેશે. ૫. પુનર્વાસ અને પુનર્સ્થાપન સહાય નીચે મુજબ લાગુ કરવામાં આવશે. i) રૂપિયા ૪૦૦૦ /- ની દરેક પરિવારને સહાય. ii) પ્રત્યેક વિસ્થાપિત/પ્રભાવિત પરીવારને સ્થળાંતર માટે એક વખત માટે રૂપિયા ૧૦,૦૦૦/- ની નાણાંકિય સહાય ની જોગવાઈ (એન.આર.આર.પી.૨૦૦૭, પેરા ૭.૧૦) iii) પ્રત્યેક પ્રભાવિત પરિવારો કે જેમની પાસે પશુ છે તેઓને વિસ્થાપન થયા પછી પશુઓ માટે કે તેઓના પશુઓની ગમાણ માટેની વ્યવસ્થા માટે વિત્તિય/નાણાકીય સહાયના રુપમાં રૂપિયા ૧૫૦૦૦/- ની સહાય. (એન.આર.આર.પી.૨૦૦૭, પેરા ૭.૧૦) iv) પ્રત્યેક પ્રભાવિત વ્યક્તિ, જે **ગ્રામીણ કારીગર**, ગામમાં નાનો રોજગાર **અથવા** સ્વરોજગાર ધરાવતો વ્યક્તિ છે અને જો તેને વિસ્થાપિત થવુ પડે તો તેને વર્કિન્ગ શેડ તેમજ દુકાનના નિર્માણ માટે રૂપિયા ૨૫,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવશે. (એન.આર.આર.પી.૨૦૦૭, પૈરા ૭.૧૨) v) ગરીબી રેખા નીચે જીવતા ગ્રામ્ય વિસ્તારના અસરગ્રસ્તોને ઈન્દિરા આવાસ યોજના પ્રમાણે ની અદ્યતન(**વર્તમાન**) **નિર્માણખર્ચ** પ્રમાણેની આર્થિક સહાયતા આપવામાં આવશે. **તેમજ** શહેરી અસરગ્રસ્તોને જે.એન.યુ.આર. એમ. **અનુસાર થતા નિર્માણ ખર્ચ** પ્રમાણેની કિમત મુજબ મકાન બાંધકામ **માટે** ની આર્થિક સહાય આપવામાં આવશે.
૫	પરિયોજના ના રસ્તા માં આવનાર માળખાઓ	ભાડુઆત/પટ્ટાધારકો	પુનર્સ્થાપના અને પુનર્વાસ સહાયતા.	૧.રજીસ્ટર્ડ પટ્ટાધારી સ્થાનિક કાયદા મુજબ માળખાના માલિક ને આપવામાં આવેલ વળતર માં ભાગિદાર ગણાશે. ૨. ભાડેથી રહેનાર ની બાબતમાં મહિના ૧૦,૦૦૦/-રૂપિયા **સ્થાળાંતર ના ભથ્થા રૂપે આપવા માં આવશે . સ્ટ્રકચર ખાલી કરવા ૩ મહિના ની લેખિત નોટિસ આપવી. જો નોટિસ ન આપી હોય તો ત્રણ મહિનાનુ ભાડુ નોટિસના બદલામાં આપવામાં આવશે.**
ગ). વૃક્ષો અને પાકની નુકશાની				
૬	પરિયોજના ના રસ્તા માં આવનાર ઊભા વૃક્ષો અને ખેતર માં ઊભા પાક	ભૂમિના માલિકો અને હિતબદ્ધ વ્યક્તિ	બજાર કિમંત મુજબ વળતર	૧. ફળો, ઊભા પાકોને લણવા વૃક્ષોને કાપવાથી પ્રભાવિત વ્યક્તિઓ ને ૩ મહિના આગળથી નોટિસ આપવામાં આવશે. ૨. આ નુકશાનીનું વળતર નીચેના વિભાગો દ્વારા અંદાજીત કર્યા મુજબ આપવામાં આવશે. i) વૃક્ષો તેમજ લાકડા માટે - વન વિભાગ ii) પાક તેમજ ફળો માટે - રાજકીય કૃષિ વિભાગ

				iii) પેરેનિયલ (સદાબહાર) વૃક્ષોમાટે - હોર્ટિકલ્ચર વિભાગ iv) વૃક્ષો, પાક અને બાગયતી પાક ની નુકશાની માટે માલિકો ઉપરાતં દરજ્જા વગર રહેતા લોકોને બજાર કિમંત પર વળતર આપવામાં આવશે.
ઘ). અનધિકૃત લોકો દ્વારા રહેણાંક તેમજ કામકાજ ના મળખાં ને થતી નુકશાની				
	પરિયોજના ના રસ્તા માં આવનાર માળખાં	અધિસુચના (૨૦ એ) દરમિયાન જાણવામાં આવેલ માળખાંના માલિકો	નવેની કરણ કરવામાટે થયેલ લાગત માટે વળતર પુનર્વાસ અને પુનર્સ્થાપન સહાયતા.	૧.અનધિકૃત તેમજ દરજ્જા વગર રહેતા લોકો (જે નોટ એફ માં દર્શાવેલ છે.) ને ત્રણ મહિના ની નોટિસ આપવામાં આવશે, અને પાકો તેમજ માળખાંની નુકશાની માટે વળતર આપવામાં આવશે. ૨. સ્કેટર્સ (**નોટ-F માં આપેલ વ્યાખ્યા અનુસાર)ને આર્થીક સહાય રૂપે તેમના સ્ટ્રક્ચર નુ વિસ્થાપન ખર્ચ નોટ-D માં દર્શાવ્યા અનુસાર આપવામાં આવશે** i) ૪૦૦૦/-રૂપિયા પ્રત્યેક પ્રભાવિત પરિવારો ને સ્થળાંતરભથ્થા તરીકે ii) ૧૦,૦૦૦/- રૂપિયાપ્રત્યેક પ્રભાવિત પરિવારો વિસ્થાપન હેતુ સ્થળાંતર માટે ની જોગવાઈ ના ભથ્થા તરીકે (પૈરા ૭.૧૧ એન.આર.આર.પી. ૨૦૦૭) iii) પશુઓ માટે કે તેઓના રહેણાંક ની હાનિમાટે ૧૫,૦૦૦/- રૂપિયા ની સહાય (પૈરા ૭.૧૦ એન.આર.આર.પી. ૨૦૦૯) iv) પ્રત્યેક પ્રભાવિત વ્યક્તિ, જે **ગ્રામીણ કારીગર**, ગામમાં નાનો રોજગાર **અથવા** સ્વરોજગાર ધરાવતો વ્યક્તિ છે અને જો તેને વિસ્થાપિત થવુ પડે તો તેને વર્કિન્ગ શેડ તેમજ દુકાનના નિર્માણ માટે રૂપિયા ૨૫,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવશે. (એન.આર.આર.પી.૨૦૦૭, પૈરા ૭.૧૨) v) ગરીબી રેખા નીચે જીવતા ગ્રામ્ય વિસ્તારના અસરગ્રસ્તોને ઈન્દિરા આવાસ યોજના પ્રમાણે ની અદ્યતન(**વર્તમાન) નિર્માણખર્ચ** પ્રમાણેની આર્થિક સહાયતા આપવામાં આવશે. **તેમજ** શહેરી અસરગ્રસ્તોને જે.એન.યુ.આર. એમ. **અનુસાર થતા નિર્માણ ખર્ચ** પ્રમાણેની કિમત મુજબ મકાન બાંધકામ માટે **ની** આર્થિક સહાય આપવામાં આવશે.
ઙ). આજીવિકા પર થતુ નુકશાન				
૮.	પરિયોજના ના રસ્તામાં આવનાર પરિવારો	માલિકી/ગૈર માલિકી/પાક ભાગીદાર/ભૂમિ મજૂરો, નોકરી કરનાર લોકો	પુનર્વાસ સહાયતા	૧.આજીવિકા ગુમાવનાર પરિવારોને પુનર્વાસ સહાયતા **રૂપે ૭૫૦ દિવસ ની** ન્યુનતમ ખેત મજૂરી **આપવામાં આવશે.** (એન.આર.આર.પી. ૨૦૦૭, પૈરા. ૭.૧૪) **જમીન માલિકો જેઓ ઉપરોક્ત સેકશન ૧(૫)અંર્તગત સહાયતા પ્રાપ્ત કરે છે. તેઓને આ સહાયતા મળવાને પાત્ર નથી.** ૨. તાલિમ મેળવવા માટે પ્રત્યેક પરિવાર દિઠ ૪૦૦૦/-રૂપિયા ની સહાયતા. ૩. પરિયોજના ના નિર્માણ દરમિયાન જ્યાં સુધી શક્ય છે ત્યાં સુધી પરિયોજના ના કોન્ટ્રક્ટરો દ્વારા પ્રભાવિત પરિવારો ખાસ કરીને ગરીબી રેખાનીચે આવનાર (બી.પી.એલ.) પરિવારના લોકોને નિર્માણ કાર્ય માં હંગામી રોજગારી આપવી.
ચ. ૧). નબળા વર્ગ(**વલ્નરેબલ ગ્રુપ**)(નોટ-ઇ માં બતાવ્યા મુજબ) અને ગરીબી રેખા નીચે જીવન ગુજારનાર લોકો માટે **વધારાની** સહાયતા				
૯	પરિયોજના ના રસ્તામાં આવનાર પરિવારો	પરિયોજના ના રસ્તામાં આવનાર પરિવારો	પુનર્વાસ અને પુનર્સ્થાપના ની સહાયતા	એક વખત માટે વધારેમાં વળતર માટે ઓછા માંઓછી ૩૦૦ દિવસ બરાબર ની મજુરી ની જોગવાઈ. મુજબ ૩૦૦ ની ન્યુનતમ વેતનની ની શક્યતા મેળવતા બી.પી.એલ. પરિવારો આ સહાયતા નો લાભ લઈ શકે નહી.
ચ ૨). અનુસુચિત જન જાતિના પ્રભાવિત પરિવારોને વધુમાં સહાયતા				
૭ ૧૦	પ્રભાવિત અનુસુચિત જનજાતિના પરિવારો	પરિયોજનાના રસ્તામાં આવનાર પરિવારો	પુનર્વાસ સહાયતા	૧.પરંપરાગત અધિકારો તેમજ વન ઉત્પાદન મેળવવાના હક્ક ની **હાનિ** માટે અનુસુચિત જન જાતિ ના પ્રભાવિત પરિવારોને ખેત મજૂરીના ઓછા માં ઓછા ૫૦૦ દિવસના વેતન બરાબર એક વખત માટે વધુ વળતર આપવામાં આવશે (પૈરા ૭.૨૧.૫ એન.આરઆર.પી ૨૦૦૭) ૨. જમીન સંપાદન ના કિસ્સામાં પ્રત્યેક અનુસુચિત જન જાતિના પ્રભાવિત પરિવારોને નુકશાની ના વળતરની રકમ માંથી ત્રીજા ભાગ ની રકમ પહેલા હપ્તાના રુપમાં શરુઆતમાં આપવામાં આવશે, જ્યારે બાકી રકમ જમીનનો કબ્જો લેતી વખતે આપવામાં આવશે. (પૈરા ૭. ૨૧. ૪ એન.આરઆર.પી ૨૦૦૭)
છ). સામુદાયિક સંપત્તિ ,સંસાધનો ને થતું નુકશાન				
૧૧	પરિયોજના માર્ગમાં ઢાંચાઓ અને અન્ય સંશાધનો (જેમ કે જમીન, પાણી, સામાજિક સેવાઓ)	પ્રભાવિત સમુદાય અને સમુહ	સામુદાયિક માળખાં અને સામુહિક સંપત્તિ, સંસાધનોનું પુનઃ નિર્માણ	સમુદાય સાથે વાતચીત કરીને જે ઉચિત હશે તે મુજબ સામુહિક સંપત્તિ સંસાધનોને પુનઃનિર્માણ અને પુનઃ સ્થાપિત કરવા.
જ). નિર્માણ સમયે હંગામી રીતે અસર				
૧૨	નિર્માણ સમયે ભૂમિ અને સંપત્તિને થતું નુક્શાન	ભૂમિ **અને અસ્થાઇ** સંપત્તિ ના માલિકો	નિર્માણ સમયે અસ્થાયી પ્રભાવ માટે નુકશાની જેમકે સાધનોની અવરજવર, ભારે મિશિનરીઓ અને પ્લાન્ટ સ્થળ ના સંચાલન ના કારણે જમીન સંપત્તિનું નુકશાન	નિર્માણ સમય દરમિયાન મશિનરીઓ ના સંચાલન તેમજ નિર્માણ પ્લાન્ટ ની સ્થાપના ને કારણે માળખાં તેમજ જમીન પર પ્રભાવની નુકશાની નું વળતર કોન્ટ્રાક્ટર દ્વારા આપવામાં આવશે. પ્રસ્તાવિત માર્ગ ની બાજુ ની જમીન અસ્થાયી ઉપયોગ માટે ભૂમિ માલિકો અને કોન્ટ્રાકટરો વચ્ચે લેખિત માં અનુમોદન હોવુ જોઈએ. કોન્ટ્રાકટરો દ્વારા નિર્માણ સ્થળોની સ્થાપના ડી.એફસી.સી.આ.એલ. નીસલાહ લઈને કરીને કરવામાં આવશે.

નોંટ-એ

૧ સક્ષમ પ્રાધિકારી દ્વારા વળતરનું નિર્ધારણ આર.એ.એ. ૨૦૦૮ ધારા ૨૦ જી માં આપવામાં આવેલ જોગવાઈઓ અનુસાર આપવામાં આવશે, જે જમીન ની બજાર કિમંત નિરધારણ કરવા માટે નિમ્નલિખિત માપ દંડોનો ઉલ્લેખ કરે છેઃ-

i)ઓછામાં એછી જમીન કિમંત જે કોઇ, ક્ષેત્રમાં વેચાણ દસ્તાવેજો માટે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ ૧૮૯૯માં ઉલ્લેખિત, જ્યાં જમીન સ્થિત હોય, અથવા

ii) ગામ અથવા તો તેની હદમાં આવેલ એ જ સમાન પ્રકારની જમીનની સરેરાશ વેચાણ કિમંત, કે જેની ખાત્રી છેલ્લા ૩ વર્ષમાં નોંધાયેલ દસ્તાવેજ પૈકી, **ઓછામા ઓછા** પચાસ ટકા **ઉચી કિમતના દસ્તાવેજો**, તેના અધારે કરવામાં આવશે.

૨. જ્યાં ઉપર્યુકત જોગવાઈ લાગુ નથી પડતી ત્યાં રાજ્ય સરકર તે જમીન માટેની તળીયાની કિમંત આસ-પાસ ના વિસ્તારમાં તે પ્રકારની જમીનની સરેરાશ કિમંત આધારે નિયત કરશે. જે છેલ્લા ૩ વર્ષો દરમિયાન વેચાણ દસ્તાવેજોના ઉચી કિમંતના ૫૦% દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને સક્ષમ અધિકારી તે મુજબ જમીન ની કિમંત નક્કિ કરશે (આ.એ.એ. ૨૦૦૮ ની ધારા ૨૦ જી નું પાલન કરવામાં આવશે).

૩. વળતરની રકમ નિયત કરતી વખતે સક્ષમ અધિકરી તેમજ મધ્યસ્થિએ/લવાદે આર.એ.એ. ૨૦૦૮ ની ધારા ૨૦ એફ(૮) માં આપવામાં આવેલ પ્રાવધાનો અનુસાર બાબતોનું ધ્યાન આપવામાં આવશે.

i) ભૂમિપર કબ્જો મેળવતી વખતે હિતધરાવનાર વ્યક્તિઓને કોઈ નુકશાન થયું હોય, જમીન ના અન્ય જમીનો થી ભાગલા પડવાના કારણે થયું હોય

ii) ભૂમિપર કબજો મેળવતી વખતે હિતધરાવનાર વ્યક્તિઓને કોઈ નુકશાન થયુ હોય જેના કારણે તેઓની અન્ય અચલ સંપત્તિ અથવા તેમની આત્તમાં કોઈપણ પ્રકારે પ્રભાવિત થઈ હોય.

iii) જો જમીન સંપાદનના કારણે હિતધરાવનાર ને તેઓના નિવાસ તેમજ ધંધાના સ્થાનો બદલવા મજબુર થાય છે તો આવા સંજોગોમાં તે ખર્ચ અંગેનું આનુવંશિક વ્યાજબી ખર્ચ.

૪. સંપાદન કરવામાં આવનાર જમીનની બજાર કિમંત નિર્ધારણ કરતા પહેલા સક્ષમ અધિકારી નિમ્નલિખિત માહિતી માગશે.

i) આવી ભૂમિ નો ઉપયોગ તેમજ તેના પ્રકાર જાણવા.

ii) આજુ બાજુ ના ક્ષેત્રમાં આ પ્રકારની જમીન ની કિમંત તેમજ શ્રેણી જાણવી.

૫. કોઈ વ્યક્તિજો તે ભૂમિ તેમજ સંપત્તિનો ઉપયોગ કરતો હોય અને જો તે ભૂમિ /સંપત્તિ ને સંપાદિત કરવામાં આવે છે તો તેની ક્ષતિ પૂર્તિ માટે આર.એ.એ. ૨૦૦૮ ની ધારા ૨૮ એફ(૧) મુજબ નિરધારણ કરવામાં આવેલ વળતરના ૧૦ ટકા રકમનું ચુકવણું ઇએ દ્વારા માલિક અને અન્ય વ્યક્તિ જે ભૂમિનો ઉપયોગ કરનાર વ્યક્તિ /પરિવાર છે તેને આપવામાં આવશે, ઊપર મર્યાદિત હક્ક ધરાવતો હોય.

<u>નોટ-બી</u>

ડી.એફ.સી.સી.આઈ.એલ. સરકાર માન્ય એવા સ્વતંત્ર મુલ્યાંકન કર્તાની નિમણુક કરશે કે જે નીચે બતાવેલ પરિબળોના મુલ્યાંકન કરવા માટે જરુરી માહિતી અને સહાય સક્ષમ અધિકારીને જણાવશે.

i) તાજેતરના વેચાણકરેલ દસ્તાવેજો નુ મુલ્યાંકન કરવું તેમજ આજુ બાજુ માં, ગ્રામ્ય અથવા શહેરી ક્ષેત્ર માં આવેલ સમાન પ્રકારની જમીનના તાજેતરના વેચાણ દસ્તાવેજ, ભુમિમાલીકી ટ્રાંસફર કરાર અને દસ્તાવેજ પ્રમાણ પત્રો નું મુલ્યાંકન કરવું.

ii) જિલ્લાના શહેરી તેમજ ગ્રામીણ ક્ષેત્ર ના સર્કલ ભાવ નક્કિ કરવા.

iii) ૨૦ વર્ષ સુધીની ભૂમિની કૃષિ ઉત્પાદકતા નક્કિ કરવી.

<u>નોટ-સી</u>

જો બાકી બચતા પ્લોટો જે આર્થિક રીતે ઉપયુક્ત નથી તો ઈએ રાજ્યમાં લાગુ કાયદાઓ તેમજ ઉપધારાઓ નું પાલન કરીને ને અનુસાર ક્ષતિપૂર્તિ કરશે. જો ઈએ ની ખરીદી બાદ તે જિલ્લા માં રહેલ ભૂમિ ની સરેરાશ કરતા ઓછી થઈ જાય છે અને આ સંદર્ભ માં રાજ્ય ની ધારાઓ અને ઉપધારાઓ સ્પષ્ટ નથી તો પ્રભાવિત પક્ષકારો ની સાથે કરાર કરતી વખતે નીચે માંથી કોઈ એક નિયમ નું પાલન કરવામાં આવશે.

i)EA, દર્શાવેલ "હક્કની પાત્રતા" (entitlement matrix) ના નિયમો નું પાલન કરતા પરિયોજના માટે સંપાદન કરાયેલ ભૂમિની બાકી રહેતી ભૂમિ નું સંપાદન કરશે.

ii)EA દ્વારા પ્રભાવિત પક્ષકારો ને જે બાકી પડીરહેલ જમીનની પ્રતિકુળતા માટે ૨૫ ટકા વળતર પ્રભાવિત પક્ષકારો ને જમીન ખરીદ્યા વગર આપવામાં આવશે.

<u>નોટ-ડી</u>

મકાનો, ભવનો તથા અન્ય અચલ સંપત્તિ નુ વળતર માટે વળતર નું નિર્ધારણ ઘસારાં વગર દરો નો મુળભૂત સુનિશ્ચિત દર ધ્યાને લઇ વિસ્થાપન (ઘસારા વગર) માટે થયેલ ખર્ચના આધાર પર કરવામાં આવશે. આધારભૂત સૂચિ ના દર નક્કિ કરતી વખતે સરકાર માન્ય એક સ્વતંત્ર મૂલ્યાંકન કર્તા ને રાખીને શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોના રહેણાંક તેમજ ધંધાના માળખાઓ માટે ના છેલ્લા માં છેલ્લા મુળભૂત સુનિશ્ચિત દર ને માલિકો સાથે પરામર્શ કરીને અમલમાં લેશે.

<u>નોટ-ઈ</u>

NRRP 2007 અસુરક્ષિત(વલનરેબલ) વ્યક્તિઓ ની પરિભાષા બતાવે છે, વિકલાંગ આશ્રય વિનાના, અનાથ, વિધવા, અવિવાહિત સ્ત્રીઓ, ત્યક્તા મહિલાઓ યા એવી વ્યક્તિઓ કે જેમની ઉમંર ૫૦ વર્ષ થી વધુ છે, જેઓને વૈકલ્પિક આજીવિકા ઉપલબ્ધ નથી અને જેઓ ને કોઈ પરિવાર નથી તેઓ ને પરિભાષિત કરવામાં આવ્યાછે. (પેરા ૬.૪(૫) **NRRP 2007**)

<u>નોટ-એફ</u>

વ્યાખ્યા

<u>-સીમાંત ખેડુત:</u>

સીમાંત ખેડૂત એવાં ખેડૂત કે, જેની પાસે એક હેક્ટર બિન પિયત અથવા અડધા હેક્ટર જેટલી પિયત જમીન હોય.

<u>-નાનો ખેડુત:</u>

નાનો ખેડૂત એવો ખેડૂત કે, જેની પાસે બે હેક્ટર બિન પિયત જેટલી જમીન હોય અથવા તો એક હેક્ટર થી વધારે પિયત જમીનપરંતુ સીમાંત ખેડૂત કરતા વધારે જમીન હોય.

<u>-દબાણ કર્તાઓ:</u>

કોઈ એવી વ્યક્તિ/પરિવાર સાર્વજનિક ભૂમિ માં કબ્જો કર્યો છે (નિયત તારીખ પહેલા) તથા પોતાનુ આશ્રય સ્થાન તેમજ પોતાની આજીવિકા નું ગુજરાન ચલાવતો હોય .

<u>અનાધિકૃત દબાણકર્તા:(squatter)</u>

કોઈ એવી વ્યક્તિ/પરિવાર જે કોઈની અનુમતિ વગર સાર્વજનિક ભૂમિપર રહેછે, તેમજ નિયત તારીખ પહેલા કોઈ અધિકાર વગર સાર્વજનિક ભવનો નો ઉપયોગ કરે છે અને તેના આશ્રય/જીવન નિર્વાહ માટે બીજો કોઈ સ્રોત નથી.

મહારાષ્ટ્ર રાજ્ય માટે સરકારી ઠરાવ :-

1. મહારાષ્ટ્ર સરકાર, ડી. એફ.સીસી માટે સંપાદિત થતી પ્રાઈવેટ ભૂમિનું વળતર નક્કી કરવામાટે (સરકારી ઠરાવ) પસાર કર્યુ છે. મહારાષ્ટ્ર રાજ્ય માં ડીએફસીસી માટે સંપાદિત થતી ભૂમિનુ નિશ્ચીત કરવા, ક્લેક્ટર શ્રી(ચેરમેન), ભૂમિસંપાદન અધિકારી/સક્ષમપ્રાધિકારી (સભ્ય સેક્રેટરી) અને સાથે પાંચ સભ્યોની એક સમિતિ બનાવવામાં આવશે.
2. જમીન ની કિંમત નક્કી કરવા સમિતિ "એન્ટાઈટલમેંટ મેટ્રીક્સ" નોટ **A**, આર.આર.એ. ૨૦૦૮ નું પેરા ૨૦બી, પી.એ.પી.(પરિયોજના પરિણામ અસરગ્રસ્ત વ્યક્તિ) ના દાવા, જોઈન્ટ મેજરમેંટ સર્વેના લેંડમાર્કેટ સર્વે નો રિપોર્ટ અને નજીકના ક્ષેત્રનો વિકાસ પામતા અને બીજા વિષયલક્ષો. જમીન ની કિંમતથી સંબંધિત બીજી સ્થાનિક પરિબળો ધ્યાનમાં લેશે.
3. સમિતિ કિંમત નાપ તૈયાર કોઠો(રેડી રેક્નર) ને એજ સમયના વેચાણ દસ્તાવેજ સાથે સરખાવશે અને જમીન માલિકને ઉંચી કિંમત આપશે. જો જમીન માલિક આ કિંમતથી સહમત ન હોય તો સમિતિ ગ્રામવાસીઓને મંજુર કિંમત નિશ્ચીત કરી શકશે અને લોક સંપાદન સંસ્થાની મંજુરી (અપ્રપરદ્વવઅલ) માટે લેખિત ભલામણ મોકલશે અને પછી સમિતિ કિંમત ફાઈનલ કરશે.
4. સમિતિ કિંમત નક્કી કરવા મહીનામાં એકવાર ચોક્સ પણે સભા કરશે. સમિતિ મહારાષ્ટ્ર રાજ્યનાં, એ ગામો જેમાં ડી.એફ.સી.સી એ ભૂમીસંપાદન નુ આયોજન કર્યુ છે, સમિતિ સંપાદનમાટે વળતરની કિંમત નક્કી કરી, વળતરની વહેંચણી કરવા તેને જાણ સક્ષમપ્રાધિકારી ને કરશે.

સંસ્થાકિય વ્યવસ્થા:

પ્રાયોજના અમલીકરણ સંસ્થા તરીકે ડી.એફ.સી.સી.આઈ.એલ યોજનાના સમગ્ર તાંત્રિક પાસાંઓ અને અમલ માટે જવાબદાર છે અને સમગ્ર અમલીકરણની પ્રક્રિયા તથા ધીરણના નાણાંના ઉપયોગની દેખભાળ કરશે. સંસ્થાના વડા તરીકે ડી.એફ.સી.સી.આઈ. એલ દ્વારા વડોદરા, સુરત, મુંબઈ અને નોઈડા ખાતે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ (**PMU**) તરીકે કામ કરવા મુખ્ય પ્રોજેક્ટ મેનેજરના કાર્યલય (**SEMU**) ની રચના કરી દેવાઈ છે જેનું નેતૃત્વ જનરલ મેનેજર કક્ષાના અધિકારી કરે છે - જે જમીન સંપાદન, પુર્વાસ તથા પુનઃસ્થાપન પ્રક્રિયાનું ધ્યાન રાખશે.

મુખ્ય કાર્યાલય તથા પ્રોજેક્ટ ઓફિસનું વહિવટી/સંસ્થાકીય માળખું નીચે આકૃતિ ૧ અને ૨ માં આપેલ છે.





	પ્રવૃત્તિ	૨૦૧૦		૨૦૧૧				૨૦૧૨				૨૦૧૩				૨૦૧૪			
		૧	૨	૧	૨	૩	૪	૧	૨	૩	૪	૧	૨	૩	૪	૧	૨	૩	૪
૧	જમીન આયોજન તૈયારી	■	■	■	■														
૨	RRA-૨૦૦૮નું ૨૦A જાહેરનામું	■	■	■	■														
૩	વાંધાઓની સુનાવણી	■	■	■	■	■													
૪	જમીન માલીકની ઓળખ	■	■	■	■	■													
૫	RRA-૨૦૦૮નું ૨૦A જાહેરનામું	■	■	■	■	■													
૬	સંયુક્ત તપાસ (સંયુક્ત માપન સર્વેક્ષણ)	■	■	■	■	■	■												
૭	પાયાનું સર્વેક્ષણ તથા વસતી ગણતરી	■	■	■	■	■													
૮	સૂચિત RRP ને તૈયાર કરવો				■	■	■												
૯	સૂચિત RRP માટે લોક સંવાદ બેઠકો				■	■	■												
૧૦	સૂચિત RRP ની ઘોષણા				■	■	■												
૧૧	કલમ હુક્ક ધરાવનાર અંગુઠાનું અંતિમ સ્વરુપ					■	■												
૧૨	અંતિમ RRP ની તૈયારી						■												
૧૩	અંતિમ RRP ની ઘોષણા						■												
૧૪	જમીન, પુનસ્થાપન અને પુનર્વાસ માટે પળતરની તૈયારી	■	■	■	■	■	■	■	■										
૧૫	સક્ષમ અધિકારી પાસે નાણાં જમા કરવા	■	■	■	■	■	■	■	■										
૧૬	અસરગ્રસ્તોને નાણાંની વહેંચણી	■	■	■	■	■	■	■	■										
૧૭	જમીનનો કબજો મેળવવા	■	■	■	■	■	■	■	■	■	■								
૧૮	કાર્યનો પ્રારંભ અમલ									■	■	■							
૧૯	પુનર્વાસની અસરનું મોનીટરીંગ દેખરેખ										■	■	■	■	■	■	■	■	■
૨૦	RRPની અસરકારક્તા દેખરેખ (આંતરીક)							■	■	■	■	■	■	■	■	■			
૨૧	RRPની અસરકારક્તા દેખરેખ (બાહ્ય)								■		■		■		■				
૨૨	વિવાદોની પતાવટ	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■	■

જરુર જણાશો તો વધારાની લોક સંવાદ બેઠકો કરાશે.
સંબંધિત જમીન સંપાદનની પૂર્તિ બાદ જ અમલીકરણ કાર્ય થશે.

પુનઃસ્થાપન સમયપત્રક આપવું.

ફરીયાદ નિવારવાની પદ્ધતિ

RRP૨૦૦૭ ની કલમ ૮.૧ પ્રમાણે મુખ્ય અને ક્ષેત્રિય કક્ષાએ યોજના અસરગ્રસ્ત લોકો અને પરિવારો માટે તથા ડી.એફ.સી પ્રોજેક્ટ ના અમલીકરણની પ્રક્રિયામાં હિતધારક સ્થાનિક નિવાસીની ફરીયાદ સાંભળવા અને નિવારણ કરવા પૂનર્વાસ અને પુનઃસ્થાપન સમિતિની રચના કરવામાં આવશે.

(૧)ક્ષેત્રિય સ્તરે વિવાદોની પતાવટઃ મુખ્ય પ્રોજેક્ટ મેનેજરના આયોજન હેઠળ પુનર્વાસ અને પુનઃસ્થાપન સમિતિ હશે જેમાં નીચેનાનો સમાવેશ થશે.
અ. જે તે જીલ્લાના કલેક્ટર અથવા તેના પ્રતિનિધી (અધ્યક્ષ) ;
બ. સંબંધિત સક્ષમ અધિકારી /વહિવટકર્તા **(R&R)** આમંત્રિત) ;
ક. સંબંધિત મદદનીશ પ્રોજેક્ટ મેનેજર-સમાજિક (માત્ર કાર્યલય સેવા પુરી પાડવા માટે) ;
ડ. જીલ્લા પંચાયતના પ્રમુખ અથવા તેના પ્રતિનિધિ
ઈ. સામાજિક પ્રતિનીધિ/સ્થાનિક સન્માનનિય બિન સરકારી સંગઠન (સંસ્થા)

(૨) યોજના કક્ષાએ ફરીયાદ નિવરણઃ જનરલ મેનેજર (સેમુઃ **SEMU**) ના આયોજન હેઠળ પુનર્વાસ તથા પુનઃસ્થાપન સમિતિ હશે જેમાં નીચેનાનો સમાવેશ થશે.
અ. ડાયરેક્ટર (માળખું) ;
બ. ડેપ્યૂટી/નાયબ જનરલ મેનેજર-ફરીયાદ;
ક. સામાજિક નિષ્ણાત;
ડ. રેલ્વે મંત્રાલયના પ્રતિનિધી.

(૩) લવાદની ભૂમિકાઃ **RRA**-૨૦૦૮ હેઠળ મળવાપાત્ર વળતર અંગેની યોજના અસરગ્રસ્ત પરિવારોની ફરીયાદના નિવારણ માટે જૂલાઈ ૧૫, ૨૦૧૦ ના ગેઝેટમાં નિયુક્ત કરાયેલ મહેસુલ વિભાગના કમિશ્નર કામ કરશે.

(૪) ડી. એફ.સી.સી. આઈ. એલ દ્વારા નિયુક્ત પુનઃસ્થાપન અને પુનર્વાસ સમિતિ દ્વારા સંતોષ ન સંભળાયેલ વિવાદોની પતાવટ માટે જો અસરગ્રસ્ત લોકો કે પરિવારો વિનંતિ કરશે તો રેલ્વે મંત્રાલય તે માટે તટસ્થ વ્યક્તિની નિમણુંક કરશે.

<u>ડી. એફ.સી. કોર્પોરેટ સ્તરે ફરીયાદ નિકાલ વ્યવસ્થા</u>

૧. ક્ષેત્રીય કક્ષાએ ફરિયાદ નિકાલ વ્યવસ્થા.

i. ખેતી, નિવાસ કે વ્યવસાયીક અને અન્ય અસ્ક્યામતોના વળતર અંગેની ફરીયાદો માટે પ્રારંભિક તબક્કામાં મુખ્ય પ્રોજેક્ટ મેનેજર **(CMP)** દ્વારા ઉકેલ લાવવામાં આવશે. જો ક્ષેત્રિય કક્ષાએ ઉકેલ નહીં આવે તો મુખ્ય કાર્યાલયને મોકલાશે.

૨. કોર્પોરેટ કક્ષાએ ફરીયાદ નિકાલ વ્યવસ્થાં

i. ડી.એફ.સી.સી.આઈ.એલ દ્વારા પ્રત્યેક પ્રાપ્ત થયેલ ફરીયાદની નોંધણીથી તેની સ્થિતિ અને નિકાલ સુધી દેખરેખ રહે તે પ્રકારની કેન્દ્રીત ફરીયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપવામાં આવશે.
ii. રેલ્વે મંત્રાલય તથા **CVC** માર્ગ દર્શિકાઓની જોગવાઈ મુજબ ફરીયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપવામાં આવી છે.
iii. દરેક ક્ષેત્રેય કાર્યાલય અને કોર્પોરેટ કાર્યાલયે દરેક **GGM /GM** પાસે ફરીયાદ નોંધણીપત્રક શરુ કરાયું છે લાગતા-વળગતા દરેક અધિકારીને મળતી પ્રત્યેક ફરીયાદ નોંધવામાં આવશે. તપાસ-તકેદારી માંગી લેતી પ્રત્યેક ફરીયાદને સંબંધી અધિકારી દ્વારા **CVO** તરીકે નોંધવામાં આવશે.
iv. મળેલ ફરીયાદના સમાધાન માટે **(GM/IT)** મહાપ્રબંધક/ **સૂચના પ્રૌદ્યોગિકી** ફરીયાદ નિવારણ મુખ્ય અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે જે દર મહિને
મળેલી ફરીયાદોના નિકાલની સ્થિતિ બોર્ડ ઓફ ડીરેક્ટર સમક્ષ રજુ કરશે.
v. ડી.એફ.સી.સી.આઈ. એલ. દ્વારા મળેલ પ્રત્યેક ફરીયાદને સ્વયં સંચાલિત, ચોક્કસ **સંદર્ભિત** અહેવાલના સ્વરુપમાં નોંધી યોગ્ય રીતે નિકાલ માટે કાર્યવાહી કરાશે. **પ્રત્યેક કેસ નો સ્વયાચિત પ્રમાણભુત બંધારણ અહેવાલ પેદા થશે.**
vi. ડી. એફ. સી. સી. ને મળેલ પ્રત્યેક ફરીયાદોનું સમાધાન તેમજ તેના જવાબો ૧૫ દિવસની અંદર અપાશે.
vii. ટીપ્પણીઓ, મંતવ્યો તેમ જ ફરીયાદોને નિવારણ સહિત વેલ સાઈટ http://www dffccil org પર મુકવામાં આવશે. આમાં દરેક મહિને સુધારા કરવામાં આવશે. ફરીયાદ કર્તાઓની ફરીયાદોની સ્થિતિ ઓન લાઈન જાણવા.
viii. તપાસ અને લીધેલા પગલાંઓની સ્થિતિ જાણવા માટે માસિક અહેવાલ તૈયાર કરી મુખ્યાલયે મોકલાશે.
ix. ફરીયાદ વ્યવસ્થાપનની કાર્યક્ષમતા માટે સંબંધીત ફરીયાદોને સુચનાના વિવિધ માધ્યમો-જેવા કે વેબ સાઈટ, કામ-કાજના સ્થળો, અને ક્ષેત્રિય કાર્યલયોના નોટીસ બોર્ડો પર વિસ્તારથી પ્રકાશીત કરવામાં આવશે.

ખર્ચનો અંદાજ:

ફેઝ ૨ ના **RRP** ને અંતિમ રુપ અપાયા બાદ ખર્ચનો અંદાજ તૈયાર કરાશે.

પુનર્વાસ તથા પુનઃસ્થાપન અહેવાલનું વિતરણઃ

પુનર્વાસ તથા પુનઃસ્થાપન આયોજન અંગેની વિગતવારમાહિતી નીચે જણાવેલ સ્થળે જાહેર કરવામાં આવશે.

-સ્થાનિક ભાષામાં (હિન્દી, મરાઠી કે ગુજરાતી) દરેક અસરગ્રસ્ત ગામે આ સાર અહેવાલ પ્રગત થશે.

-સમગ્ર અહેવાલ અંગ્રેજીમાં સંબંધિત મુખ્ય પ્રોજેક્ટ મેનેજરના કાર્યાલયોએ ડી.એફ.સી.સી.આઈ.એલ.ના મુખ્ય કાર્યલયે, મહત્વના રેલ્વે સ્ટેશનોએ અને જીલ્લા કલેક્ટર કચેરીએથી ઉપલબ્ધ થશે.

સંબંધિત સંસ્થાઓનો સંપર્ક

CPM કાર્યલય મુંબઈઃ ૭મા માળે, નવું વહીવટી મકાન, સેન્ટ્રલ રેલ્વે, ડી.એન.રોડ, મુંબઈ-૪૦૦૦૦૧

CPM કાર્યલય સુરતઃ ૪ થે માળ અરૂંશ-૧, ઈસ્કોન મોલ પાસે,ડુમસ રોડ,પીપલોદ, સુરત-૩૯૫૦૦૭

CPM કાર્યલય વડોદરાઃ ૧૩-૧૪, ૧૭-૧૮, પેનોરમા કોમ્પલેક્ષ, ત્રીજોમાળ, આર. સી. દત્ત રોડ, અલ્કાપુરી, વડોદરા.

CPM કાર્યલય નોયડાઃ સ્ટાર હાઉસ, પહેલો માળ, એ -૧૦૨, સેકટર-૪, નોયડા, ઉત્તર પ્રદેશ.

સક્ષમ પ્રાધિકારી ઓ

૧. રામગઢ જીલ્લા : સક્ષમ પ્રાધિકારી અને પ્રાંતઅધિકારી (જમીન સંપાદન) રામગઢ, મેટ્રો સેંન્ટર નં - ૧ ઉરણ, રામગઢ, "સિડકો" નોડલ ઓફિસ ઈજનેરી વિભાગ, દ્રોનાગિરી સેક્ટર _ ૧૪, બોકડવિરા, તાલુકા-ઉરન, રામગઢ.
૨. થાણે જીલ્લા : સક્ષમ પ્રાધિકારી અને પ્રાંતઅધિકારી (જમીન સંપાદન), પશ્ચિમ ફ્રેઇટ કોરીડોર સૂર્ય પ્રકલ્પ, ઈરાનીરોડ, આઈડીબીઆઈ બેંક સામે, દહાણુ, થાણે.
૩. વલસાડ જીલ્લા : સક્ષમ પ્રાધિકારી અને પ્રાંતઅધિકારી (ભુમિ સંપાદન અધિકારી), બીજોમાળ, જીલ્લા સેવા સદન -૨, કલેકટર ઓફિસ, વલસાડ.
૪. નવસારી જીલ્લાઃ સક્ષમ અધિકારી અને ડેપ્યૂટી કલેક્ટર, નવસારી, જુના થાણા, બહુમાળી મકાન, બ્લોક નંબર-C, પહેલા માળે, નવસારી.
૫. સૂરત જીલ્લા : સક્ષમ પ્રાધિકારી અને વિશેષ ભુમિ સંપાદન અધિકારી, શાખા નં - ૪, પાંચમામાળે, "એ" બ્લોક, બહુમાળી ભવન, સુરત.
૬. ભરૂચ જીલ્લા : સક્ષમ પ્રાધિકારી અને વિશેષ ભુમિ સંપાદન અધિકારી, જમીન સંપાદન શાખા ભરૂચ, કલેકટર ઓફિસ, ભરૂચ.
૭. વડોદરા જીલ્લા : વિશેષ ભુમિ સંપાદન અધિકારી ઉનીટ નં. ૧, રૂમ નં. ૬૧૫, છઠોમાળ, કુબેર ભવન, જમીન સંપાદન શાખા, કોઠી કોમ્પલેક્ષ, વડોદરા.
૮. રેવારી જીલ્લા : જીલ્લા રેવેન્યુ અધિકારી(ડિ.આર.ઓ.), ડી.સી. ઓફિસ, છોટા સચિવાલય, રેવારી.
૯. અલવર જીલ્લા : સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ(એસ.ડી.એમ)/એસ.ડી.ઓ, એસ.ડી.એમ/તીજારા, તાલુકા - તીજારા, અલવર.
૧૦. મેવાળ જીલ્લા : જીલ્લા રેવેન્યુ અધિકારી(ડિ.આર.ઓ.),ડી.સી. ઓફિસ, જીલ્લા સચિવાલસ નુહ, મેવાડ.
૧૧. ગુડગાંવ જીલ્લા : જીલ્લા રેવેન્યુ અધિકારી(ડિ.આર.ઓ.),ડી.સી. ઓફિસ, છોટા સચિવાલય, ગુડગાંવ.
૧૨. પલવલ જીલ્લા : ઉપ ખંડ મેજીસ્ટ્રેટ(એસ.ડી.એમ.), એસ.ડી.એમ ઓફિસ, પલવર.
૧૩. ફરીદાબાદ જીલ્લા : જીલ્લા રેવેન્યુ અધિકારી(ડિ.આર.ઓ.), છોટા સચિવાલય, સેકટર _ ૧૨, ફરીદાબાદ.
૧૪. ગૌતમ બુધ્ધ નગર : ઉપ ખંડ મેજીસ્ટ્રેટ એસ.ડી.એમ.(સરદાર), ડી.એમ ઓફિસ, ગૌતમ બુધ્ધ નગર.

સેમુ (SEMU), DFCCIL, Head Office, પ્રગતિ મેદાન, મેટ્રો સ્ટેશન બિલ્ડીંગ, નવી દિલ્હી-૧૧૦૦૦૧